# વાસ્તવલક્ષી સાહિત્ય સ્વરૂપ 'રેખાચિત્ર': સ્વરૂપગત વિકાસ

પટેલ ભૂપતભાઈ ધીરૂભાઈ
મુ. ડુંગરી,પોણિયા ફળિયા, તા. પારડી, જી.વલસાડ

'રેખાચિત્ર'એ અર્વાચીન કાળનું એક નવીનતમ સાહિત્ય સ્વરૂપ છે. એના પર્યાયવાચી શબ્દો 'સ્કેચ', 'શબ્દચિત્ર',અને ચરિત્રલેખ તેમજ ચરિત્ર નિબંધ વગેરે છે.અંગ્રેજી અને હિન્દી સાહિત્યમા રેખાચિત્રની વ્યાખ્યા માટે 'સ્કેચ' શબ્દ વપરાય છે. જયારે મલયાલમમાં 'તુલિકાચિત્ર'અને 'શબ્દચિત્ર' કે 'રેખાચિત્ર' પર્યાય પ્રયોજવામાં આવ્યો છે. સાર્થ 'જોડણીકોશ'માં રેખાચિત્ર માટે નોંધવામાં આવ્યું છે કે, *''રેખાચિત્ર એટલે કોઈ વ્યકિતના જીવનનું ટૂંકુ નિરૂપણ ''* જયારે વિશ્વના 'શબ્દકોશ' માં રેખાચિત્ર માટે નોંધવામાં આવ્યું છે કે, *''કોઈ પણ વ્યકિતનાં ચિત્રને ઉપસાવવાની પ્રવિધિનો વિનીયોગ એટલે રેખાચિત્ર ''*.ગુજરાતી સાહિત્યનાં વિવેચક શ્રી ચંદ્રકાંત ટોપીવાળાએ રેખાચિત્રની નોંધ લેતા કહયું છે કે *''સામાન્ય રીતે વર્ણનાત્મક શૈલીમાં આપેલ ગદ્યખંડ એટલે રેખાચિત્ર''*.રેખાચિત્રનાં લક્ષણો વિશે વાત કરીએ તો એમાં મુખયત્વે પાંચ લક્ષણો દર્શાવી શકાય;

(૧) વસ્તુ કે આલંબનો
(૨) વસ્તુ કે આલંબનોની બાહય આકૃતિનું વિવરણ
(૩) સંકેતાત્મકતા
(૪) ભાષા–શૈલી
(૫) ઉપદેશ

'રેખાચિત્ર','વ્યકિતચિત્ર','ઘટનાચિત્ર' સ્પષ્ટતઃ હેતુલક્ષી અને જીવનમાંગલ્યનાં પુરસ્કર્તા છે.' રેખાચિત્ર'ના પ્રાણતત્વોનું સ્ફૂરણ સંચારણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કેટલાક આખ્યાનોમાં પદ્યવાર્તાઓમાં કે પ્રબંધોના રેખાંકનમાં જોવા મળે છે.મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રમાનંદના ' અભિમન્યુ'આખ્યાનમા વૃધ્ધ વેશધારી શ્રી કૃષ્ણ ,'સુદામાચરિત્ર'માં સુદામા અને *'વામાનુચરિત્ર'* વગેરેમા પાત્રોના વર્ણનમાં રેખાંકન કલા–નિતીનો અણસાર જોઈ શકાય છે.અલબત એ કંઈ ' રેખાચિત્ર' નથી,પરંતુ એમ છતાં 'રેખાચિત્ર'ની આલેખનની રીતિ જોઈ શકાય છે.'રેખાચિત્ર' વ્યકિત ઉપરાંત સ્થળ,ઘટનાઓનાં પણ હોય શકે છે.ગુજરાતી સાહિત્યમાં જે ઉપલબ્ધ 'રેખાચિત્ર' છે તેમાં વ્યકિતલક્ષી રેખાચિત્ર નું બાહુલ્ય સ્પષ્ટ પણે દેખાય છે.

ગુજરાતી ભાષામાં રેખાચિત્ર નું ખેડાણ અર્વાચીન યુગમાં દાયકે–દાયકે કોઈકને કોઈક રીતે ચાલતું રહયું છે.જો કે એવા રેખાચિત્ર માં કલાત્મક રેખાચિત્ર તો ઓછા જ છે.છતાં ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જક ધરાવતા કેટલાક કવિઓ અને લેખકો રેખાચિત્ર નાં સર્જનમાં પોતાની સાંચી સાહિત્યકતા દાખવી શકયા હોવાની પ્રતીતિ થાય છે.

'રેખાચિત્ર'નું સાહિત્ય સ્વરૂપ નવી પરિસ્થિતિના બળે સર્જાયુ છે.વૈજ્ઞાનિક શોધખોળ,ઔદ્યોગિક ક્રાંતિ અને એની ઝડપના લીધે માનવીને જીવનમાં કયાંય નિરાંત દેખાતી નથી.બધું ઝટપટ થઈ જાય એમાં જ સૌને રસ છ.લાંબા નાટકને બદલે એકાંકી,વાર્તાને બદલે લઘુકથા,નવલકથાને બદલે લઘુનવલ લખવા લેખકો પ્રેરાયો છે. જોકે એનાથી જૂનાં કે ગઈકાલનાં સ્વરૂપો મટી જતાં નથી .તેમ છતાંય સર્જક અને ભાવક કશાક નવાની શોધમાં હોય એમ લાગ્યા કરે છે.પરિણામે લેખકો વિશિષ્ટ અને પ્રતિભાવન વ્યકિત,સ્થળ કે ઘટનાઓનાં રેખાચિત્રો લખવા લાગ્યા છે.

ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્ર લખવાનો પ્રારંભ કવિ ન્હાનાલાલ અને કવિ નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા દ્વારા થયેલો ગણાય છે.કવિ ન્હાનાલાલના 'ચિત્રદર્શનો'(૧૯૨૧) અને કવિ નરસિંહરાવ દિવેટિયાના 'સ્મરણમુકુર'(૧૯૨૬) માં રેખાચિત્રો જોવા મળે છે.લીલાવતી કનૈયાલાલ મુનશીએ ' રેખાચિત્રો–જુનાં અને નવા' મા તેજસ્વી રેખાચિત્રો લખ્યા છે.જયારે ચંદ્રશંકર પંડયાએ ' કૌમુદી'(૧૯૨૫–૩૦) માં કેટલાક રેખાચિત્રો આપ્યા છે.તથા ગુજરાતી સાહિત્યમાં પ્રથમ એકાંકીકાર ગણાયેલા બટુભાઈ ઊમરવાડિયાએ 'ગુજરાતના મહાજનો'માં રેખાચિત્રો આપ્યા છે.એમાં ગુજરાતી મહાજનોના નિખાલસ રેખાચિત્રો આલેખાયા છે.

યંશવંત પંડયાએ 'કલમચિત્રો' તથા કનૈયાલાલ મુનશીએ 'ગુજરાતના જયોતિધરો'તેમજ શંકરલાલ શાસ્ત્રીએ 'સાહિત્યને ઓવારેથી'તેમજ 'સાહિત્ય દ્રષ્ટાને'એ બે'રેખાચિત્ર'સંગ્રહો આપ્યા છે .જેમાં એમણે જુદા જુદા સાહિત્યકારોના અવલોકનો પત્ર શૈલીમાં રજુ કરેલા છે.અશોક હર્ષનું ' વિભૂતીમંદિર'(૧૯૪૧) અને રમણલાલ દેસાઈનું 'તેજચિત્રો'(૧૯૪૨) માં પ્રરણા દાયક,આકર્ષક ,માર્મિક,અને મન અંતરમાં રમી રહે તેવાં રેખાચિત્રો જોવા મળે છે.ઈશ્વર પેટલીકરનાં' ગ્રામચિત્રો'ઉલ્લેખનિય છે.જયારે ધૂમકેતુએ 'જીવનપથ'અને 'જીવનરંગ'માં તેમજ દ્વિરેફ 'સ્વૈરવિહાર ભાગ–૧–૨'અને 'મનોવિહાર'માં 'રેખાચિત્ર'ની કલાના ઉત્કૃષ્ટ દષ્ટાંતો આપ્યાં છે.

ગાંધીજીની આત્મકથા 'સત્યનાપ્રયોગો','મારા જેલના અનુભવો'વગેરે પુસ્તકોમા રેખાચિત્રો જોવા મળે છે.તેમજ કાકાસાહેબ કાલેલકરે 'પ્રવાસ સાહિત્ય','હિમાલયનો પ્રવાસ'વગેરેમાં રેખાચિત્રો જોવા મળે છે.જયારે સ્વામી આનંદની 'ઉળકથાઓ'અને 'ધરતીનું લૂણ'મા રેખાચિત્રો જોઈ શકાય છે.ઉમાશંકર જોશીનાં 'ગ્રંથહદય માં પડેલી છબીઓ' માં પોતાના રદયના સમભાવ સહિત રેખાચિત્રો આપ્યા છે.અને એમનું બીજુ પુસ્તક 'ઈશામુશિદા અને અન્ય'માં એમણે દેશપરદેશની દીવાગત વ્યકિતઓનાં રેખાચિત્રો આપ્યા છે. જયારે સુન્દરમ્ 'સમર્ચના'ગ્રંથમાં દયારામ,દલપતરામ અને ગાંધીજી જેવા સાહિત્યકારોને અંજલી આપી છે.જયારે જયંતિદલાલે 'શહેરની શેરી'અને 'તરળાની ઓથ મને ભારી'માં રેખાચિત્રો આપ્યા છે.'શહેરની શેરી'માં અમદાવાદની મધ્યમવર્ગીય જીવનની વિસમતા વર્ણવી છે.ગાંધીયુગનાં પ્રમુખ સાહિત્યકારો ઉપરાંત અન્ય લેખકોએ પણ 'રેખાચિત્ર'લખ્યા છે.જેમકે વિજયરાયવૈદ્યનાં બે ગ્રંથો 'ખુશ્કી અને તરી'(૧૯૩૩) અને 'દરિયાવની મીઠી

લહર'(૧૯૬૫) તેમજ રતિલાલ ત્રિવેદીનો ગ્રંથ 'સ્મૃતિ અને દર્શન'(૧૯૩૮) મા લલિત નિબંધ અને રોજનિશી વગેરે જેવી શૈલીઓમાં સુંદર રેખાચિત્રો આલેખાયા છે.

દર્શકનાં 'સદ્ભિ:સંગ:'(૧૯૮૯)માં આમતો ભાવનગરની ગ્રામદક્ષિણામૂર્તિ નામની લોકશાળા તથા સણોસરાની ગ્રામવિદ્યાપીઠ જેવી સંસ્થાઓની ઘડતર કથા આલેખાઈ છે.પરંતુ એની સાથે એમણે નાંના મોટા માનવીઓનાં રેખાચિત્ર દોર્યા છે.તો કલાર્થી નિરંજનાબેનનું પુસ્તક 'મહેરામણનામોતી'(૧૯૬૩)માં લખાયેલું છે. તેમજ મુકુંદરાય પારાશયનાં 'સત્યકથા' તેમજ 'સત્વશીલ'માં ગદ્યની ગરિમાવાળા રેખાચિત્રો પ્રાપ્ત થાય છે.

રેખાચિત્રનું આછું–પાતળું ઝરણું ગાંધીયુગ પછીનાં કાળમાં પણ વહેતું રહયું છે.એમાં વાડીલાલ ડગલીનું 'શિયાળાની સવારનો તડકો'(૧૯૭૫) તથા અમૃતલાલ યાજ્ઞિકનાં 'જગતગંગાનાં વહેતા નીર' અને ધીરુભાઈ ઠાકરનું 'રંગકસુંબી'રમણલાલ ચી.શાહનું 'પાસ્પોટની પાંખે'તેમજ રસિક–ઝવેરીનું 'અલગારી રખડપટ્ટી'(૧૯૬૫) નો સમાવેશ પણ કરી શકાય છે.અનિરુઘ્ધ બ્રહ્મભટ્ટનું 'નામરૂપ'(૧૯૮૧) પુસ્તક ગુજરાતી સાહિત્યમાં 'રેખાચિત્ર'નાં સ્વરૂપને વિશેષ પ્રતિષ્ઠા અપાવે છે.ખાસ કરીને આ પુસ્તકથી 'રેખાચિત્ર'નાં સાહિત્ય સ્વરૂપ તરફ ગુજરાતી સર્જકો અને વિવેચકોનું વિશેષ ઘ્યાન ખેંચાયેલુ જણાય છે. જયારે ચંદ્રકાંત શેઠ 'નંદસામવેદી'(૧૯૮૦) ,'ચહેરા ભીતર ચહેરા'માં વ્યંજના પૂર્ણભાષામાં 'રેખાચિત્ર'દોરે છે.રઘુવીર ચૌધરી 'સહરાની ભવ્યતા'(૧૯૮૦)માં ગુજરાતની ભાષાનાં સારસ્વતોનાં લાક્ષણિક રેખાચિત્રો દોરે છે.તો જોસેફ મેકવાનના 'વ્યથાના વિતક' માં દલિતોનાં રેખાચિત્રો જોવા મળે છે. તદ્ઉપરાંત ધીરુભાઈ પરીખે 'કાળમાં કોર્યા નામ'(૧૯૭૭)અને 'ક્ષરાક્ષર'(૧૯૮૨) જેવાં ગ્રંથોમાં મહાનુભાવો અને સાહિત્યકારોનાં પ્રેરક–રસપ્રદ રેખાચિત્રો આલેખે છે.વિનોદભટ્ટ 'વિનોદની નજરે'(૧૯૭૯) મા સુવિખ્યાત સાહિત્યકારોનાં હળવા રેખાચિત્રો આલેખ્યા છે.જયારે બકુલ ત્રિપાઠીનું 'મિત્રોના ચિત્રો'ના રેખાચિત્રો ભાવકને એક જુદા જ વિશ્વમાં લઈ જાય છે.તદ્ઉપરાંત રજનીકુમાર પંડયાએ 'અનોખા જીવનચિત્રો'(૧૯૯૯),'અક્ષરની આંખે'(૧૯૯૯) તથા 'રોમાંચરેખા'ના રેખાચિત્રોમાં વ્યકિતનાં આકર્ષક જીવનનું માર્મિક ચિત્રણ જોવા મળે છે.

આ સિવાય વીસમી સદીની છેલ્લી પચ્ચીસી દરમિયાન 'રેખાચિત્ર'નું સ્વરૂપ લેખકો વિવેચકોનું વધારે ઘ્યાન ખેંચી રહયું હોય એમ જણાય છે.એમાં મણિલાલ હ.પટેલ,રમેશ ર.દવે,પ્રફૂલ્લ રાવળ અને યોગેશ જોશી જેવા અનેક લેખકોએ'રેખાચિત્ર' ક્ષેત્રે પોત–પોતાની રીતે પ્રદાન કર્યું છે.આમ,ગુજરાતી સાહિત્યમાં અનેક સાહિત્યકારોની કલમે'રેખાચિત્ર'નાં સંચય સાંપડયા છે.એમાં કેટલાક રેખાચિત્ર સર્વાધિક કલાત્મક અને હૃદયસ્પર્શી છે.'રેખાચિત્ર'ના આ તમામ ગ્રંથોમાં સર્વાંગસંપૂર્ણ કહી શકાય એવા રેખાચિત્ર પ્રમાણમાં ઓછા ગ્રંથોમાં જોવા મળે છે.છતાંય 'રેખાચિત્ર' એક વાસ્તવલક્ષી અને અનુભવનિષ્ઠ સાહિત્ય સ્વરૂપ હોવાથી વર્તમાન સમયમાં એક સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપનો દરજજો ધારણ કરી રહયું છે.અને માટે જ તો ગુજરાતી સાહિત્યમાં અવનવીન ભાત પાડતું સાહિત્ય સ્વરૂપ તરીકે પણ નિર્માયું છે.